# મહિલા ઉધોગસાહસિકતાને પ્રોત્સાહન અપાશે



વિકાસશીલ દેશોમાં આજે એવો તબક્કો આવી ગયો છે જ્યાં ઉધોગસાહસિકતાની નવી વ્યાખ્યા લખવી પડશે. અમદાવાદની એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ) છેલ્લા એક મહિનાથી વિકાસશીલ કન્ટ્રીની ૩૦ મહિલા પાર્ટિસિપેન્ટને ઉધોગસાહસિકતા(એન્ટરપ્રિન્યોરશીપ)ની ટ્રેનિંગ આપી રહી છે. ૨૪ દેશમાંથી આવેલી આ મહિલા પાર્ટિસિપેન્ટ પોતાના દેશના નેચરલ રિસોર્સિસ, સર્વિસ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં નવું શું થઈ શકે અને રોજગારી કેવી રીતે જનરેટ થાય તેનો વિગતવાર અભ્યાસ ઈડીઆઈમાં કર્યો આ અંગે પ્રોગ્રામ ડાયરેક્ટર પી.ગણેશ કહે છે કે આજે મહિલાઓ ડ્યૂઅલ રિસ્પોન્સિબ્લિટી નિભાવી રહી છે. આજે એક માસ મૂવમેન્ટની જરૂર છે. માર્કેટમાં નવું શું બની શકે અને આ વિકાસશીલ દેશોમાં સસ્ટેનેબલ લાઈવલી હૂડ કેવી રીતે વધી શકે તે માટે અમે આ મહિલાઓને ટ્રેનિંગ આપી.